# સારાંશ

## ટોરેન્ટ પાવર લિમીટેડ દહેજ સપ્લાય એરિયા

## કેસ નંબર. ૧૭૬૬/૨૦૧૮

### પૂર્વભૂમિકા

૧.૧ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશનસ, ૨૦૧૬ ની જોગવાઇઓ મુજબ, ટીપીએલ-ડીએ આ અરજી માનનીય કમીશન સમક્ષ નીચેની વિગતોની મંજુરી મેળવવા કરેલ છે.

1. નાંણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે એઆરઆરનું ટ્રુ-અપ અને નિયંત્રીત/અનિયંત્રીત પરિબળોને લીધે થયેલ નફા/નુકશાનની વહેંચણી
2. નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે વચગાળાની સમીક્ષા
3. નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ની ખાધ/પુરાંતનું નિર્ધારણ
4. નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે વિજદરનું નિર્ધારણ

### નાંણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ ના ટ્રુ અપઃ

૧.૨ માનનીય કમીશને નાંણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે ટીપીએલ-ડીના દહેજ સપ્લાય વિસ્તારના વ્યવસાય માટે એઆરઆરની મંજુરી ૯ જુન, ૨૦૧૭ (કેસ નંબર ૧૬૨૯/૨૦૧૬) એમવાયટી ઓર્ડર દ્વારા આપી છે. જે નાંણાકિય વર્ષ ૨૦૧૭-૧૮નાં અનુમાનો પર આધારીત હતા. એઆરઆરની મંજૂરી નાંણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ ની વાસ્તવિક વિગતો પર થનાર ટ્રુ-અપ પર આધારીત હતી.

૧.૩ ટીપીએલ-ડીએ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશનનીં જોગવાઇઓ મુજબ માનનીય કમીશનના ૯ જુન, ૨૦૧૭ના (કેસ નંબર ૧૬૨૯/૨૦૧૬) એમવાયટી ઓર્ડર આધારે ટ્રુ-અપ માટેની અરજી કરેલ છે.

૧.૪ ટીપીએલ-ડીએ એઆરઆરના ટ્રુ અપ માટે નીચેના માપદંડો ધ્યાનમાં લીધા છે.

1. વીજળીની ખરીદના સ્તોત્રમા, જથ્થામાં અને કિંમતમાં થતા ફેરફારના કારણે વીજળીની ખરીદ ખર્ચમાં થતો બદલાવ.
2. ફીકસડ ખર્ચો, જેમ કે ઓ એન્ડ એમ ખર્ચ, વ્યાજ ખર્ચ, માલ-મિલકતની કિંમતમાં થયેલ ઘસારો, ઇકવીટી પર મળતો નફો, આવકવેરો અને નોન ટેરીફ આવકમાં થતા બદલાવ.
3. નિયંત્રિત અને અનિયંત્રિત પરિબળોને ગણતરીમાં રાખીને નફા/નુકશાનની વહેંચણી.

૧.૫ નાંણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે વીજળીની જરુરીયાત, વાસ્તવિક વેચાણ અને વાસ્તવિક ટી એન્ડ ડી લોસ પર આધારીત છે. દહેજ સપ્લાય વિસ્તારનું વેચાણ ૩૧૧.૮૬ એમયુ થયેલ છે. નાંણાકીય વર્ષ

૨૦૧૭-૧૮ માટે વાસ્તવિક વીજ વિતરણ લોસ ૦.૪૦ ટકા થયેલ છે. ટીપીએલ-ડીએ વીજ વિતરણ લોસમાં માનનીય કમીશનના ૦૯ જુન,૨૦૧૭ના (કેસ નંબર ૧૬૨૯/૨૦૧૬) એમવાયટી ઓર્ડર દ્વારા નિર્ધારિત કરેલ વીજ વિતરણ લોસ કરતા ઉત્કૃષ્ટ કામગીરી બજાવી છે.

૧.૬ એઆરઆરની ગણતરી વાસ્તવિક ખર્ચાઓ અને ૦૯ જુન, ૨૦૧૭ના (કેસ નંબર ૧૬૨૯/૨૦૧૬) એમવાયટી ઓર્ડર મુજબ મંજુર કરેલ ખર્ચાઓને ધ્યાને લઇ કરવામાં આવી છે. કિંમત, જથ્થા અને સ્તોત્રમાં થતા બદલાવને કારણે વીજળીની ખરીદ કિંમતમાં થતો ફેરફાર અનિયંત્રીત છે અને તે મુજબ, તે એઆરઆરમાં ધ્યાને લેવામાં આવેલ છે. દહેજ સપ્લાય વિસ્તાર માટે માનનીય કમીશનના ૦૯ જુન, ૨૦૧૭ના (કેસ નંબર ૧૬૨૯/૨૦૧૬) એમવાયટી ઓર્ડર દ્વારા નિર્ધારિત કરેલ વીજ વિતરણ લોસની સરખામણીમાં વાસ્તવિક વીજ વિતરણ લોસ ઘટેલ છે જ્યારે ઓ એન્ડ એમ ખર્ચમાં વધારો થયેલ છે.

૧.૭ દહેજ સપ્લાય વિસ્તારના ફીકસડ ખર્ચઓ જેમ કે વ્યાજ ખર્ચ, માલ-મિલકતની કિંમતમાં થયેલ ઘસારો, ઇકવીટી પર મળવાપાત્ર વળતર, આવકવેરો અને નોન ટેરીફ આવકને દરેકનાં નિયંત્રીત/અનિયંત્રીત પરિબળોના વર્ગીકરણનાં આધારે ટ્રુ અપ કરવામાં આવેલ છે. એ પ્રમાણે નફા/નુકાશાનની વહેંચણી કરી, એઆરઆરનું ટ્રુ અપ કરવામાં આવેલ છે. આ રીતે ટ્રુઇંગ અપ કરેલ એઆરઆરને નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**નાંણાકિય વર્ષ ૨૦૧૭-૧૮ માટે દહેજ સપ્લાય વિસ્તારનું ટ્રુ અપ કરેલ એઆરઆર**

| રુ.કરોડમાં | | |
|---|---|---|
| એમવાયટી મુજબ એઆરઆર | (એ) | ૧૩૧.૩૭ |
| અનિયંત્રીત પરિબળો ને કારણે નફો/(નુકશાન) | (બી) | (૩.૭૭) |
| નિયંત્રીત પરિબળો ને કારણે નફો/(નુકશાન) | (સી) | - |
| ટેરીફ તરીકે પાસ થશે | ડી=-(બી+૧/૩ સી) | ૩.૭૭ |
| ટ્રુ-અપ એઆરઆર | ઇ= એ+ડી | ૧૩૫.૧૫ |

૧.૮ ટીપીએલ જણાવે છે કે જીઇઆરસી દ્વારા મંજુર કરેલ અગાઉના વર્ષોની ખાધ/(પુરાંત)ની વસૂલાત આવકની ગણતરીમાં ધ્યાને લીધેલ છે જે માનનીય કમીશનના ૯ જુન, ૨૦૧૭ ના ઓર્ડર મુજબ રુ (૨૫.૫૬) કરોડ થાય છે. આમ, ટ્રુ અપ થયેલા એઆરઆરની સરખામણી વાસ્તવિક વીજળીના વેચાણની આવકમાં અગાઉના વર્ષોની ખાધ/(પુરાંત)ને ધ્યાને લીધા બાદ તારવેલી આવક સાથે કરી ખાધ/પુરાંત તારવવામાં આવી છે. જે નીચે દર્શાવેલ કોષ્ટકમાં આપેલ છે.

**નાંણાકિય વર્ષ ૨૦૧૭-૧૮ માટે દહેજ સપ્લાય વિસ્તારના આવકની ખાધ/(પુરાંત)**

| રુ.કરોડમાં | વાસ્તવિક |
|---|---|

| રૂ.કરોડમાં | વાસ્તવિક |
|---|---|
| ટ્રુ-અપ એઆરઆર | ૧૩૫.૧૫ |
| | |
| વિજળીના વેચાણથી થતી આવક | ૧૨૪.૦૦ |
| બાદઃ જીઇઆરસી દ્વારા મંજુર કરેલ અગાઉના સમયની ખાધ/(પુરાંત) | (૨૫.૬૬) |
| **બાકીની આવક** | **૧૪૯.૫૬** |
| | |
| **ખાધ/(પુરાંત)** | **(૧૪.૪૧)** |

૧.૯ ટીપીએલએ માનનીય કમીશનને ઉપરની ગણતરી મુજબ એઆરઆરની અને આવકની ખાધ/(પુરાંત) મંજુર કરવા માટે અરજ કરેલ છે.

**વચગાળાની સમીક્ષાના આધારે નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના સુધારેલા એઆરઆર ઃ**

૧.૧૦ ટીપીએલએ ફિલ્ડની માહિતી, વીજ વેચાણના વાસ્તવિક વલણો તેમજ વર્તમાન વલણોના અધારે વીજ વેચાણના અંદાજો સુધારેલ છે. દરેક વીજ કેટેગરીના વીજ વેચાણના સુધારેલા અંદાજોનુ વિશ્લેષણ અરજીમાં આપેલ છે. સુધારેલ અંદાજોનો સારાંશ નીચેના કોષ્ટકમાં આપેલ છે.

**કોષ્ટક ૩: નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ માટે દહેજ પુરવઠા વિસ્તારનું વેચાણ (એમયુ)**

| કેટેગરી | નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ | નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ |
|---|---|---|
| **કુલ વેચાણ** | **૪૪૬.૦૬** | **૪૮૮.૯૬** |

૧.૧૧ ઉપર જણાવેલ વેચાણના અંદાજો મુજબ, ટીપીએલએ વીજ જરુરીઆત સુધારેલ છે. વીજ જરુરીઆત પુરી પાડવા માટે ટીપીએલએ વીજ ખરીદીની યોજના સુધારેલ છે. વીજ ખરીદીની યોજના સુધારતી વખતે ટીપીએલએ એમવાયટીમાં માન્ય સ્ત્રોતોની વીજ ઉપલબ્ધતા અને વાસ્તવિક વીજ ખરીદ ખર્ચ ધ્યાને લીધેલ છે.

૧.૧૨ ટીપીએલએ ગ્રાહકોની માંગ પુરી પાડવા મુડી ખર્ચની યોજનામાં પણ ફેરફાર કરેલ છે.

૧.૧૩ સુધારેલ વેચાણના અંદાજો, વીજ ખરીદીની યોજના, મુડી ખર્ચની યોજના અને તેને અનુરૂપ નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ માટે એઆરઆરના દરેક સુધારેલ ઘટકોનું વિશ્લેષણ અરજીમાં દર્શાવેલ છે. નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ માટે માન્ય એઆરઆર અને સુધારેલા અંદાજોના એઆરઆરનો સારાંશ નીચેના કોષ્ટકમાં આપેલ છે.

**કોષ્ટક ૪: નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ માટે દહેજ પુરવઠા વિસ્તાર માટે સુધારેલા એઆરઆર**

| રૂ. કરોડ | નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ | | નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ | |
|---|---|---|---|---|
| | એમવાયટી ઓર્ડર | સુધારેલા અંદાજો | એમવાયટી ઓર્ડર | સુધારેલા અંદાજો |
| વીજ ખરીદી | ૧૫૬.૮૦ | ૧૯૯.૭૦ | ૧૬૯.૫૨ | ૨૮૧.૭૪ |
| ઓ એન્ડ એમ ખર્ચ | ૬.૬૫ | ૧૦.૪૨ | ૭.૦૩ | ૧૧.૦૧ |
| વ્યાજ ખર્ચ | ૫.૧૨ | ૫.૨૪ | ૪.૫૯ | ૫.૨૦ |
| સીક્યુરીટી ડીપોઝીટ નું વ્યાજ ખર્ચ | ૩.૦૯ | ૨.૨૩ | ૩.૨૦ | ૨.૩૨ |
| કાર્યકારી મુડીનો વ્યાજ ખર્ચ | – | – | – | – |
| ઘસારો | ૬.૬૫ | ૬.૮૫ | ૬.૬૭ | ૭.૨૩ |
| ઘાલખાધ | – | – | – | – |
| કન્ટીજન્સી રીઝર્વ | ૦.૭૯ | ૦.૮૪ | ૦.૮૦ | ૦.૯૧ |
| ઇક્વીટી પર મળવાપાત્ર વળતર | ૫.૬૬ | ૬.૦૪ | ૫.૭૩ | ૬.૪૪ |
| આવક વેરો | – | – | – | – |
| બાદ ઃ નોન ટેરીફ આવક | ૩.૦૯ | ૪.૧૩ | ૩.૦૯ | ૪.૧૩ |
| **એઆરઆર** | **૧૮૧.૬૮** | **૨૨૭.૧૯** | **૧૯૪.૪૫** | **૨૪૭.૩૧** |

૧.૧૪ અરજદાર માનનીય કમીશનને નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ માટે સુધારેલા એઆરઆરની મંજુરી માટે અરજ કરે છે.

૧.૧૫ ટીપીએલ જણાવે છે કે જીઇઆરસી (ડિમાન્ડ સાઇડ મેનેજમેન્ટ) રેગ્યુલેશનસ, ૨૦૧૨ અનુસાર ટીપીએલએ માનનીય કમીશન સમક્ષ ડીએસએમ પ્લાન બનાવી અને રજુ કરવાનો છે. માટે, ટીપીએલ ડીએસએમ પ્લાનને લાગુ કરવા માટે માનનીય કમીશનને રજુઆત કરશે.

**નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટેની ખાધ /(પુરાંત)નું વિશ્લેષણ ઃ**

૧.૧૬ વીજળીની વેચાણથી થતી આવકને ધ્યાને લઇ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ની ખાધ/(પુરાંત) તારવવામાં આવેલ છે. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની ખાધ/(પુરાંત)નો સારાંશ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે દહેજ સપ્લાય વિસ્તારના આવકની ખાધ/(પુરાંત)**

| રૂ.કરોડમાં | |
|---|---|
| એઆરઆર | ૨૨૭.૧૯ |
| બાદ : | |
| પ્રવર્તમાન વીજદર સાથેના રૂ.૦.૬૯ પ્રતિ યુનીટ ના એફપીપીપીએથી થતી આવક સહીત વીજળીના વેચાણથી થતી આવક | ૧૯૮.૮૪ |
| | |
| **નેટ ખાધ/(પુરાંત)** | **૨૮.૩૫** |

ટીપીએલએ માનનીય કમિશનને ઉપર દર્શાવેલ ખાધ/(પુરાંત)ને મંજુર કરવા રજુઆત કરેલ છે.

૧.૧૭ ટીપીએલ-ડીએ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ના, બાકી એડજસ્ટમેન્ટ સહિતના, ખાધ/(પુરાંત)ના નેગેટિવ વ્યાજ ખર્ચ (કેરીંગ કોષ્ટ) પેઠે રૂ.૪.૨૫ કરોડ માનનીય કમીશને મંજુર/નકકી કરેલ પદ્ધતિ અનુસાર તારવેલ છે. તે મુજબ, ટીપીએલ-ડીએ માનનીય કમિશનને નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦નાં દર નિર્ધારણ માટે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ અને નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ની ખાધ/(પુરાંત) ઉપરાંત ઉપરોકત વધેલા નાણા ધ્યાને લેવા દરખાસ્ત કરેલ છે.

૧.૧૮ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટેના દર નિર્ધારણ માટેની આવકની ખાધ/(પુરાંત)નો સારાંશ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના દર નિર્ધારણ માટે દહેજ સપ્લાય વિસ્તારના આવકની સંચિત ખાધ/(પુરાંત)**

| રૂ.કરોડમાં | |
|---|---|
| નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે ખાધ/(પુરાંત) | (૧૪.૪૧) |
| વ્યાજ ખર્ચ (કેરીંગ કોષ્ટ) | (૪.૨૫) |
| નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની ખાધ/(પુરાંત) | ૨૮.૩૫ |
| | |
| **સંચિત ખાધ/(પુરાંત)** | ૯.૬૯ |

૧.૧૯ ટીપીએલ-ડીએ રૂ.૯.૬૯ કરોડની સંચિત ખાધ ની વસુલાત નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન વિજદરમાં સરેરાશ રૂ.૦.૨૨ પ્રતિ યુનિટના વધારા મારફતે કરવા સુચિત કરેલ છે. ટીપીએલ-ડીએ વિજ માળખામાં સુધારો કરવા માટે પણ પ્રસ્તાવિત કરેલ છે. ટીપીએલ-ડીએ રાજ્યની અન્ય વીજવિતરણ કંપની અનુસાર તેના ફિક્સડ/ડિમાન્ડ ચાર્જ વધારવાનો પ્રસ્તાવ કરેલ છે.

૧.૨૦ આમ, ટીપીએલ-ડીએ વર્તમાન રૂ. ૦.૭૩ પ્રતી યુનિટના એફપીપીપીએમાં ઘટાડો કરી રૂ. ૦.૬૯ પ્રતી યુનિટ કરવા પ્રસ્તાવિત કરેલ છે. આથી, નવો બેઝ એફપીપીપીએ રૂ. ૦.૬૯ પ્રતી યુનિટ થશે. તદઉપરાંત, ટીપીએલ-ડીએ ઘરવપરાશ (રેશીડેન્શયલ), હંગામી (ટેમ્પરરી) અને રાત્રી સમય (નાઈટ ટાઈમ) કેટેગરીના વીજદરના માળખાને પ્રમાણસર કરેલ છે.

૧.૨૧ વીજદરનું સુચિત માળખુ **એનેક્ષર ૧** માં આપવામાં આવેલ છે.

**દાદ :**

૧.૨૨ ટીપીએલ-ડીએ હાલની અરજી નાંણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ ના ટ્રુઈંગ અપ, નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે વચગાળાની સમીક્ષા અને નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે દહેજ સપ્લાય વિસ્તાર માટેના વીજ દર નિર્ધારણ માટે દાખલ કરી છે.

૧.૨૩ હકીકતો અને સંજોગોને આધારે, ટીપીએલએ માનનીય કમિશનને નીચે મુજબની અરજ કરેલ છે:

૧. નાંણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ ના ટ્રુઈંગ અપ, નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે વચગાળાની સમીક્ષા અને નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના વીજ દર નક્કી કરવા માટેની પીટીશનની સ્વીકૃતી.

૨. નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ના ટ્રુઈંગ અપ અનુસાર ખાધ/(પુરાંત)ની મંજુરી.

૩. નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ ના ટીપીએલ-ડી દ્વારા પ્રસ્તાવિત નફા/નુકશાનની વહેંચણીની મંજુરી.

૪. સંચિત ખાધ/(પુરાંત)ની મંજુરી.

૫. વ્હીલીંગ એઆરઆર અને એને અનુરૂપ વીજ વહન માટેના દરની તા.૧લી એપ્રિલ, ૨૦૧૯થી મંજુરી

૬. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે રીટેલ વીજદર થકી ખાધ વસુલ કરવાની મંજુરી

૭. અરજદાર દ્વારા માનનીય ટ્રીબ્યુનલમાં કરેલી અરજીઓના નિર્ણયો અનુસાર ખર્ચાઓની વસુલાત માટેની મંજુરી.

૮. ભવિષ્યમાં અરજીમાં ઉમેરો/સુધારા/ફેરફાર/બદલાવો માટેની પરવાનગી.

૯. અરજી કરનારને કાર્યવાહી દરમ્યાન અસરકારક પ્રસ્તુતી માટે સમયાનુસાર જરુરી દલીલો અને દસ્તાવેજો ફાઇલ કરવા માટેની પરવાનગી.

૧૦. માનનીય કમીશનને યોગ્ય લાગતી અન્ય રાહત, આદેશ અથવા નિર્દેશની વિનંતિ

૧૧. કોઇપણ અજાણતા થયેલી ગફલત/ભૂલ/તફાવત/ખામીઓ ની માફી

*(નોંધ:ગુજરાતી અનુવાદ મુળ અંગ્રેજી નકલ પર આધારિત છે. અર્થઘટન માટે બીડાણ કરેલ અંગ્રેજી નકલ પ્રમાણિત ગણાશે.)*

**એનેક્ષર ૧**

## ટીપીએલ દહેજ એસઇઝેડના વિસ્તાર માટેના સુચીત દરો

| ક્રમ | કેટેગરી | ફીક્સ્ડ ચાર્જ | એનર્જી ચાર્જ | |
|---|---|---|---|---|
| ૧ | **આરજીપી**<br>(રહેણાંકનાં કનેક્શન માટે<br>• સિંગલ ફેઝ સપ્લાયઃ ૬ કિલોવોટ સુધીના કુલ વીજભાર માટે<br>• થ્રી ફેઝ સપ્લાયઃ ૬ કિલોવોટથી વધુના કુલ વીજભાર માટે) | **૨ કિલોવોટ સુધીના અને સહિતના કનેક્ટેડ લોડ માટે**<br>રૂ ૧૫ પ્રતિ માસ<br>**૨ કિલોવોટથી વધુના અને ૪ કીલોવોટ સુધીના કનેક્ટેડ લોડ માટે**<br>રૂ.૨૫ પ્રતિ માસ<br>**૪ કિલોવોટથી વધુના અને ૬ કીલોવોટ સુધીના કનેક્ટેડ લોડ માટે**<br>રૂ.૪૫ પ્રતિ માસ<br>**૬ કિલોવોટથી વધુના કનેક્ટેડ લોડ માટે**<br>રૂ ૭૦ પ્રતિ માસ | પ્રથમ ૫૦ યુનિટ | ૩૦૫ પૈસા/યુનીટ |
| | | | પછીના ૫૦ યુનિટ | ૩૫૦ પૈસા/યુનીટ |
| | | | પછીના ૧૦૦ યુનિટ | ૪૧૫ પૈસા/યુનીટ |
| | | | પછીના ૫૦ યુનિટ | ૪૨૫ પૈસા/યુનીટ |
| | | | ૨૫૦ યુનિટથી વધુ માટે | ૫૨૦ પૈસા/યુનીટ |
| ૨ | **નોન- આરજીપી**<br>(અલગ કેટેગરીમાં આવરી લેવાયેલ ન હોય અને ૪૦ કિલોવોટ કે તેથી ઓછા વીજભારના હોય તેવા કનેકશન માટે) | **૧૦ કિલોવોટ સુધીના કનેક્ટેડ લોડ માટે**<br>રૂા.૫૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**૧૦ કિલોવોટથી વધુના અને ૪૦ કિલોવોટ સુધીના કનેક્ટેડ લોડ માટે**<br>રૂા ૮૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ | ૧૦ કિલોવોટ સુધીના કનેક્ટેડ લોડ માટે | ૨૭૦ પૈસા/યુનીટ |
| | | | ૧૦ કિલોવોટથી વધુના કનેક્ટેડ લોડ માટે | ૩૦૦ પૈસા/યુનીટ |
| ૩ | **એલટીએમડી**<br>(અલગ કેટેગરીમાં આવરી લેવાયેલ ન હોય અને ૪૦ કિલોવોટથી વધુના અને ૧૦૦ કિલોવોટ સુધીના વીજભારના હોય તેવા કનેકશન માટે.<br>નોન-આરજીપી કેટેગરીમાં આવરી લેવાયેલ ગ્રાહકો જે નોન-આરજીપી કેટેગરીના વીજદર સિવાય પસંદ કરવા માંગતા હોય) | **કોન્ટ્રાકટ ડિમાન્ડ સુધીની બિલિંગ ડિમાન્ડ**<br>**પ્રથમ ૪૦ કિલોવોટ**<br>રૂ.૯૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**પછીના ૨૦ કિલોવોટ**<br>રૂ.૧૩૦ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**૬૦ કિલોવોટથી વધુ**<br>રૂ.૧૯૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ<br>**કોન્ટ્રાકટ ડિમાન્ડ કરતાં વધુ બીલીંગ ડિમાન્ડ**<br>રૂ.૨૬૫ પ્રતિ કિલોવોટ પ્રતિ માસ | ૩૦૫ પૈસા/યુનીટ | |
| ૪ | **નોન- આરજીપી રાત્રી માટે**<br>(૪૦ કિલોવોટ સુધી | **ફીક્સ્ડ ચાર્જ** ઉપરની નોન- આરજીપી કેટેગરી પ્રમાણે | ૨૫૦ પૈસા/યુનીટ | |

| ક્રમ | કેટગરી | ફીક્સ્ડ ચાર્જ | એનર્જી ચાર્જ | |
|---|---|---|---|---|
| | વીજભારના હોય તેવા અને વીજળીનો વપરાશ માત્ર રાત્રિના ૨૨.૦૦ કલાકથી બીજા દિવસના ૦૬.૦૦ કલાક સુધી કરવા માંગતા ગ્રાહકો માટે (વીજ વપરાશના કલાકો ગ્રાહકે સ્વખર્ચે મુકેલ ટાઇમ સ્વિચ દ્વારા નિયંત્રીત કરાશે)) | | | |
| ૫ | **એલટીએમડી રાત્રી માટે** (૪૦ કિલોવોટથી વધું વીજભારના હોય તેવા અને વીજળીનો વપરાશ માત્ર રાત્રિના ૨૨.૦૦ કલાકથી બીજા દિવસના ૦૬.૦૦ કલાક સુધી કરવા માંગતા ગ્રાહકો માટે (વીજ વપરાશના કલાકો ગ્રાહકે સ્વખર્ચે મુકેલ ટાઇમ સ્વિચ દ્વારા નિયંત્રીત કરાશે)) | **ફીક્સ્ડ ચાર્જ** ઉપરની એલટીએમડી કેટગરી પ્રમાણે | ૨૫૫ પૈસા/યુનીટ | |
| ૬ | **ડબ્લ્યુડબ્લ્યુએસપી** (વોટર વર્કસ અને સીવરેજ પમ્પિંગ સ્ટેશન હેતુસર વપરાતા કનેકશન માટે) | રુ ૨૦ પ્રતિ એચપી | ૨૬૫ પૈસા/યુનીટ | |
| ૭ | **એસએલ** (રસ્તાને પ્રકાશીત કરવા માટેની લાઇટીંગ વ્યવસ્થા) | - | ૨૪૦ પૈસા/યુનીટ | |
| ૮ | **ટેમ્પરરી સપ્લાય** (લો વોલ્ટેજ પર હંગામી વીજ પુરવઠા) | રુ.૧૫ પ્રતિ કિલોવોટ પ્રતિ દિન | ૪૬૫ પૈસા/યુનિટ | |
| ૯ | **એલટી – ઇલેકટ્રીક વેહિકલ (ઇવી) ચાર્જીંગ સ્ટેશનસ** | રુ ૨૫ પ્રતિ માસ | ૩૦૫ પૈસા/યુનિટ | |
| ૧૦ | **એચટીપી-૧** (અલગ એચટી કેટગરીમાં આવરી લેવાયેલ ન હોય | **કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલિંગ ડિમાન્ડ** **પ્રથમ ૫૦૦ કેવીએ** | ૫૦૦ કેવીએ સુધીની બિલીંગ ડિમાન્ડ | ૨૭૦ પૈસા/યુનિટ |

| ક્રમ | કેટેગરી | ફીક્સ્ડ ચાર્જ | એનર્જી ચાર્જ | |
|---|---|---|---|---|
| | અને ૧૦૦ કેવીએ અને તેથી વધુના વીજભારના હોય તેવા કનેક્શન માટે) | રુ ૧૫૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br>**પછીના ૫૦૦ કેવીએ**<br>રુ ૨૬૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br>**૧૦૦૦ કેવીએથી વધુ**<br>રુ ૪૭૫ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br>**કોન્ટ્રાક્ટ ડિમાન્ડ કરતાં વધુ બીલીંગ ડિમાન્ડ**<br>રુ ૫૫૫ પ્રતિ કેવીએ પ્રતિ માસ | પછીની ૨૦૦૦ કેવીએની બિલીંગ ડિમાન્ડ સુધી | ૨૯૦ પૈસા/યુનિટ |
| | | | ૨૫૦૦ કેવીએથી વધુની બિલીંગ ડિમાન્ડ માટે | ૩૦૦ પૈસા/યુનિટ |
| | | **ટીઓયુ ચાર્જ**<br>બિલિગ ડિમાન્ડ ૫૦૦ કેવીએ સુધી -૩૫ પૈસા/યુનીટ<br>બિલિગ ડિમાન્ડ ૫૦૦ કેવીએથી વધુ -૭૫ પૈસા/યુનીટ | | |
| ૧૧ | **એચટીપી-૨**<br>( વોટર વર્કસ અને સીવરેજ પમ્પિંગ સ્ટેશનો માટે ૧૦૦ કેવીએ અને તેથી વધુની કોન્ટ્રાક્ટ ડિમાન્ડ માટે) | **કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલિગ ડિમાન્ડ**<br>**પ્રથમ ૫૦૦ કેવીએ**<br>રુ ૧૧૫ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br>**પછીના ૫૦૦ કેવીએ**<br>રુ ૨૪૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br>**૧૦૦૦ કેવીએથી વધુ**<br>રુ ૩૨૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br><br>**કોન્ટ્રાક્ટ ડિમાન્ડ કરતાં વધુ બીલીંગ ડિમાન્ડ**<br>રુ ૪૩૫ પ્રતિ કેવીએ પ્રતિ માસ | ૫૦૦ કેવીએ સુધીની બિલીંગ ડિમાન્ડ | ૨૭૦ પૈસા/યુનિટ |
| | | | ૫૦૦ કેવીએથી વધુ અને ૨૫૦૦ કેવીએની બિલીંગ ડિમાન્ડ સુધી | ૨૯૦ પૈસા/યુનિટ |
| | | | ૨૫૦૦ કેવીએથી વધુની બિલીંગ ડિમાન્ડ માટે | ૩૦૦ પૈસા/યુનિટ |
| | | **ટીઓયુ ચાર્જ**<br>બિલિગ ડિમાન્ડ ૫૦૦ કેવીએ સુધી -૩૫ પૈસા/યુનીટ<br>બિલિગ ડિમાન્ડ ૫૦૦ કેવીએથી વધુ -૭૫ પૈસા/યુનીટ | | |
| ૧૨ | **એચટીપી-૩**<br>(હંગામી વીજ પુરવઠા માટે ૧૦૦ કેવીએ અને તેથી વધુની કોન્ટ્રાક્ટ ડિમાન્ડ. જે ગ્રાહકો નિયમિતપણે ઉચિત કરારનામાં હેઠળ વીજ પુરવઠો નહી લેતા હોય તેમને હંગામી વીજ પુરવઠા હેઠળ ગણવામાં આવશે) | **કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલિગ ડિમાન્ડ**<br>રુ ૫૪૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br><br>**કોન્ટ્રાક્ટ ડિમાન્ડ કરતાં વધુ બીલીંગ ડિમાન્ડ**<br>રુ ૬૦૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ | ૫૫૦ પૈસા/યુનીટ | |
| | | **ટીઓયુ ચાર્જ** - ૭૫ પૈસા/યુનીટ | | |

| ક્રમ | કેટેગરી | ફીક્સ્ડ ચાર્જ | એનર્જી ચાર્જ |
|---|---|---|---|
| ૧૩ | **એચટીપી-૪**<br>(૧૦૦ કેવીએ અને તેથી વધુની કોન્ટ્રાક્ટ ડિમાન્ડ માટે અને વીજળીનો વપરાશ માત્ર રાત્રિના કલાકો દરમ્યાન ૨૨.૦૦ કલાકથી બીજા દિવસના ૦૬.૦૦ કલાક સુધી કરવા માંગતા એચટી ગ્રાહકો માટે) | **ફીક્સ્ડ ચાર્જ** ઉપરની એચટીપી-૧ કેટેગરીં પ્રમાણે | ૨૫૦ પૈસા/યુનીટ |
| ૧૪ | **એચટી – ઇલેક્ટ્રીક વેહિકલ (ઇવી) ચાર્જીંગ સ્ટેશનસ** | **કોન્ટ્રાક્ટ ડિમાન્ડ સુધીની બિલિંગ ડિમાન્ડ**<br>રૂ ૨૫ પ્રતિ કેવીએ પ્રતિ માસ<br>**કોન્ટ્રાક્ટ ડિમાન્ડ કરતાં વધુ બીલીંગ ડિમાન્ડ**<br>રૂ ૫૦ પ્રતિ કેવીએ પ્રતિ માસ | ૩૦૦ પૈસા/યુનીટ |

**નોંધ ઃ**

૧ બિલિંગ ડિમાન્ડ નીચે દર્શાવ્યામાંથી જે મહત્તમ હોય તે લેવામાં આવશે

- મહિના દરમ્યાન નોંધેલી વાસ્તવિક મહત્તમ ડિમાન્ડ અથવા
- કોન્ટ્રાક્ટ ડિમાન્ડ ના ૮૫ ટકા અથવા
- એચટીંએમડી કેટેગરી માટે ૧૦૦ કેવીએ અને એલટીએમડી કેટેગરી માટે ૧૫ કિલોવોટ

૨ પાવર ફેક્ટર એડજસ્ટમેન્ટ ચાર્જીસ અને રિબેટ એચટીપી-૧, એચટીપી-૨, એચટીપી-૩ અને એચટીપી-૪ ને લાગુ પડશે

- મહિના દરમ્યાન ૯૦%ની નીચે અને ૮૫% સુધીના સરેરાશ પાવર ફેક્ટરમાં આવતા પ્રત્યેક ૧%ના ઘટાડા માટે એચટીએમડી ૧, એચટીએમડી ૨, એચટીએમડી ૩ અને એચટીએમડી ૪ ના સુચીત દરો મુજબ મહિનાના વીજબિલની કુલ રકમ ઉપર "એનર્જી ચાર્જીસ" ના મથાળા હેઠળ ૧%ના દરે પાવર ફેક્ટર એડજસ્ટમેન્ટ ચાર્જીસ લેવામાં આવશે.
- ઉપરોક્ત જોગવાઇ ઉપરાંત, મહિના દરમ્યાન ૮૫%થી નીચેના સરેરાશ પાવર ફેક્ટરમાં આવતા પ્રત્યેક ૧%ના ઘટાડા માટે એચટીએમડી ૧, એચટીએમડી ૨, એચટીએમડી ૩ અને એચટીએમડી ૪ ના સુચીત દરો મુજબ મહિનાના વીજ બિલની કુલ રકમ ઉપર "એનર્જી ચાર્જીસ" ના મથાળા હેઠળ ૨% ના દરે પાવર ફેક્ટર એડજસ્ટમેન્ટ ચાર્જીસ લેવામાં આવશે.
- જો કોઇપણ મહિનામાં ગ્રાહકના ઇન્સ્ટોલેશનનો સરેરાશ પાવર ફેક્ટર ૯૫% કરતા વધુ હોય, તો મહિના દરમ્યાન ૯૫%થી વધુના સરેરાશ પાવર ફેક્ટરમાં આવતા પ્રત્યેક ૧%ના

વધારા માટે મહિનાના વીજળી બિલની કુલ રકમ પર "એનર્જી ચાર્જીસ" ના મથાળા હેઠળ ૯૫% કરતા વધુના પાવર ફેક્ટર પર ૦.૫%ના દરે વળતર મેળવવા ગ્રાહક હકદાર રહેશે.

૩ રિએક્ટિવ એનૅર્જી ચાર્જીસ (કેવીએઆરએચ યુનીટ) ૪૦ કેવીએથી વધુની કોન્ટ્રાક ડિમાન્ડ વાળા એલટીએમડી અને એલટીએમડી નાઇટ કેટેગરી ને લાગુ પડશેઃ ૧૦ પૈસા/કેવીએઆરએચ

૪ ઇએચવી સપ્લાય માટે એનૅર્જી ચૉર્જમાં મળવા પાત્ર વળતર - એચટીપી-૧, એચટીપી-૨, એચટીપી-૩ અને એચટીપી-૪ કેટેગરી ને લાગુ પડશે

- ૩૩/૬૬ કેવીના સપ્લાય માટે ઃ ૦.૫ ટકા
- ૧૩૨ કેવી અને તેથી વધુના સપ્લાય માટે ઃ ૧ ટકા

૫ ટીઓયુ ચાર્જીસ એચટીએમડી-૧, એચટીએમડી-૨, અને એચટીએમડી-૩ ને નિશ્ચિત કલાકો દરમ્યાન વપરાશ માટે લાગુ પડશે.

ટીઓયુ ચાર્જીસ પીક અવર્સ દરમ્યાન વપરાશ માટે લાગુ પડે છે. ૦૭૦૦ કલાકથી ૧૧૦૦ કલાક અને ૧૮૦૦ કલાક થી ૨૨૦૦ કલાક

૬ રાત્રિ સમયના કનેકશન ચાર્જીસ - એચટીપી-૧ અને એચટીપી-૨ ને લાગુ પડશે.

રાત્રિના સમય દરમિયાન, ૨૨.૦૦ કલાકથી બીજા દિવસે ૦૬૦૦ કલાક વચ્ચે વપરાયેલી વીજળી, જેની નોંધ ટાઇમ સ્વિચ મારફતે ચાલતા ટેરિફ મીટર દ્વારા લેવામાં આવે છે, ૩૦ પૈસા પ્રતિ યુનિટ દરે રાહતને પાત્ર છે.